# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૬૫૧

## સલામી સવારની..

ચાલે દોરડાં ખેંચ 'પદ'ની, સાથીઓ ભિડાય છે,
ચાલે ટાંટિયા ખેંચ, નિવેદનો કરી, ચિડાય છે,
બિડાય કમળ કરમાઇ, તૂટી-ફૂટી પાંખડીએ -
'રાજીનામાં' તો કોઇ બરતરફ, સૌ પિડાય છે..
(ભાજપ માં રમખાણ)

## હાઈકુ

હાર્યા અંદાજે,
ખોટા અંદાજ માટે -
અંદાજ બટ્ટો!
(તટસ્થ સંસ્થાની બદનામી)

'લોકસભા' જો
ચલાવવી ન્હોય તો -
વિખેરી નાખો!
(ભથ્થાં ભક્ષકો!!)

## ચિંતન

રૂપં જરા સર્વસુખાનિ તૃષ્ણા, ખલેષુ સેવા પુરૂષાભિમાનમ્ ।
યાશ્ચા ગુરૂત્વં ગુણમાત્મપૂજા, ચિંતાં બલં હન્ત્યદયા ચ લક્ષ્મીમ્ ॥

'વૃધાવસ્થા (શારીરિક સૌંદર્ય) રૂપને હરી લે છે, કપટીજનોની સેવા પુરૂષના (માન-સન્માન) અભિમાનને હરી લે છે, યાચના-માગવાની વૃત્તિ મોટાઇને હરી લે છે, ચિંતા બળને હરી લે છે તેમજ નિર્દયતા લક્ષ્મીને હરી લે છે.'

'વૃધ્ધવસ્થા'માં માણસ પોતાની જાતને વૃધ્ધ માનીને બધી જ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઇ જાય તો ખરેખર વૃધ્ધ-અશક્ત-મનોરોગી થઇ જાય છે. વેદ/ઇશ્વરે પણ પચ્ચીસ-પચ્ચીસ વર્ષના આશ્રમ બનાવ્યાં. છે એમાં પંચોત્તેર વર્ષ સુધી તો સંસારમાં રહી પ્રવૃત્ત રહેવા જ જણાવ્યું છે. '૫૮' વર્ષની ગૂંચે પોતાની 'તિજોરી' બચાવવા કરી છે. વૃધ્ધાવસ્થા બધું જ હરી લે.

કપટી માલિક-અધિકારીની સેવા-ફરજ-નોકરી-આજ્ઞામાં રહેવાથી અંતે તો સજા-કારાવાસ થાય જ છે. આજે જેલોમાં આવા જ પોલીસ અધિકારી-સાહેબો એનું દૃષ્ટાંત છે.

માગણવૃત્તિ-ભિક્ષા માગવી કે કોઇ પાસેથી ઉછીનું લેવાની વૃત્તિથી આત્મા ડંખવો જોઇએ. એનાથી આત્મગૌરવ-માન-સન્માન ગુમાવવું પડે છે. આપનારાની નજરમાંથી પતન થાય છે.

ચિંતાથી માણસ મનથી ભાંગી પડે છે તેથી તેની બુધ્ધિ કામ કરતી નથી. અશક્ત થઇ જાય છે.

નિર્દય માણસ લોભી હોય છે તેથી તેના હૃદયમાં કરૂણા-માનવતા-પ્રેમ રહેતાં નથી. અધિક પામવાની લાહ્યમાં 'લક્ષ્મી' ભોગવી નથી શકતો.

## સુવિચાર

- મહાન ત્યાગ દ્વારા જ મહાન કાર્યો થતાં હોય છે - **વિવેકાનંદ**
- જેમ ઘડિયાળ બંધ કરી રાખવાથી કંઇ સમય રોકાઇ જતો નથી તેમ કામ ન કરવાથી કે આરામ કરવાથી આયુષ્ય લાંબુ થતું નથી - **માર્ક ટવેઇન**
- જે પ્રમાણિકપણે - ન્યાયી કામ કરે છે તેની જ ચિત્ત શુધ્ધિ થાય છે - **વિનોબા**
- નાનાં કામ કરવામાં આપણને રસ નથી અને મોટાં કામ આપણે કરી શકતાં નથી, તેથી જ આપણે નિષ્ક્રીય છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- શરીરને કામમાં પ્રવૃત્ત રાખો, મન આપોઆપ આનંદમાં રહેશે - **રિચર**
- કાર્યની વિપુલતા નહીં પણ એ વિપુલતાની ચિંતા માણસને મારે છે, કાર્ય તો સ્વાસ્થ્ય પ્રદ જ છે - **બિચર**
- તમારામાં જે બાબત જાતે કરી શકવાની શક્તિ હોય તે કદી કોઇની પાસે કરાવો નહીં - **મોન્ટેગ્યુ**

## બોધ કથા

ઘણાં કર્તવ્યપાલક-જાગૃત મા-બાપ બાળકો પ્રત્યે અતિશય સભાનતામાં ઘણીવાર 'કઠોર' પણ થઇ જાય છે. બાળક ફૂલ જેવાં કોમળ અને નાસમજ છે જ તેમની પાસેથી કામ લેવા અને સાચી રીતભાત શીખવવા ધીરજ સાથે સમય આપવો પડે માત્ર, 'ગુસ્સા'થી મારપીટ કરવાથી કંઇ 'સંસ્કાર' આવી જતા નથી.

અમેરિકા પ્રેસીડન્ટ ગ્રાંટ ધાર્મિક પણ હતા. દર રવિવારે કુટુંબ પરિવાર અને વીઆઇપી અધિકારીઓ સાથે ચર્ચમાં જઇ પ્રાર્થના પણ કરતાં.

એક દિવસે પ્રાર્થના શરૂ થઇ અને ગ્રાંટના ચાર વર્ષના બાળક પાસે બેઠેલા પરિચિત સમવયસ્ક સાથે વાતચીત શરૂ કરી. ગ્રાંટને ગમ્યું નહીં, બાળક તરફ કડક નજરે જોયું પણ છોકરૂં સમજ્યું નહીં. વાતો ચાલુ રાખી. ગ્રાંટનો ગુસ્સો કાબૂમાં રહ્યો નહીં અને બાળકને તમાચો મારી પોતાની બાજુમાં લઇ લીધું. સાથે પ્રાર્થનામાં આવેલ બાળકની દાદી-ગ્રાંટની મા ને આ ગમ્યું નથી. તેણે તરત ઊઠી ગ્રાંટને તમાચો મારી દીધો. પ્રાર્થના પુરી થઇ એક અધિકારીએ ગ્રાંટના માતાને ઠપકાની રીતે કહ્યું, 'આપે આ યોગ્ય કર્યું નહીં.'

ગ્રાંટની મા કહે - તદ્દન નાની વાત માટે ગ્રાંટે નાદાન-ફૂલ જેવા બાળકને ઇશ્વરની સામે તમાચો માર્યો એ શું યોગ્ય હતું? - તો એની આવી મોટી ભૂલ માટે હું મારા બાળકને મારૂં એમાં શું અયોગ્ય હતું?!

# તું જયાં જઈશ ત્યાં તારી કલા તારો પીછો કરશે. તેં રંગોને છોડી દીધા તો શું થયું, રંગો તારો પીછો કયારેય નહીં છોડે, મારૂં દિલ કહે છે કે તું ફરી એકવાર રંગોની દુનિયામાં પાછો આવી જ જઈશ

## નવાં કલેવર

- નટવર હેડાઉ

"તું કોણ છે?"

"કોઇ નહીં?"

"તારૂં નામ શું છે?"

"કંઇ નથી?"

"કયા ધર્મનો છે?"

તું મારા દરેક પ્રશ્નનો મજાક ઉડાવે છે. એવું કેમ?

- તો પછી તે મારૂં નામ કેમ ન કહ્યું?

"કહ્યું તો ખરૂં કે મારૂં કોઇ નામ નથી. અને જો નામ ન હોય તો કઇ રીતે હોઇ શકે. કેમ કે, આજકાલ ધર્મ ફક્ત નામને આધારે ઓળખાય છે. વ્યક્તિને કારણે નહીં."

"એટલે?"

એટલે એમ કે જેનું નામ રામ છે તે હિન્દુ છે અને જેનું નામ રહેમાન છે તે મુસ્લિમ છે. આજે દુનિયા ફક્ત નામોનાં ચક્કરમાં ગૂંચવાઇ ગઇ છે. મંદિર અને મસ્જિદમાં ફક્ત નામની માળા જપવામાં આવે છે. અદાલતો પણ ફક્ત નામનાં આધારે નિર્ણયો આપે છે. સમગ્ર વિશ્વમાં બજારોમાં ફક્ત નામનાં આધારે જ વેપાર થાય છે. દુનિયાનાં હર એક નિર્ણયો જાણે કે નામ પર જ આધારિત છે.

"તું બકબક કર્યે રાખીશ કે મારા પ્રશ્નનો જવાબ આપીશ."

"મેં તો તમારા બધા પ્રશ્નોના જવાબ આપ્યા છે. પણ તમે મને કહો કે તમે મને અહીં શા માટે બોલાવ્યો છે."

"મને જાણવા મળ્યું છે કે તુ તસ્વીર સારી બનાવે છે."

"હું તમને અહીં બોલાવવાનું કારણ પૂછું છું."

"મારે તેં બનાવેલી એક તસ્વીર જોઇએ છે."

"હવે મારા શરીરનું લોહી સુકાઇ ગયું છે."

"હું રંગોથી બનતી તસ્વીરની વાત કરૂં છું."

"મારા માટે દુનિયાના બધા રંગો ફિક્કા પડી ગયા છે. હવે મેં તસ્વીરો બનાવવાનું છોડી દીધું છે."

"તું ઇન્કાર કરીને ફરી મારી મજાક કરી રહ્યો છે."

"તમે પણ મારી ભાવનાઓ પર પ્રહાર કરી રહ્યા છો. જે કામ હું કરવા માંગતો નથી. તે મારી પાસે કરાવવા માંગો છો."

"તું મારી મન પસંદ એક તસ્વીર બનાવી આપ. હું તને મોં માંગ્યા પૈસા આપીશ."

"મારા લોહીમાં રહેલ આત્માના વેપારીઓએ પણ એમ કહેલું."

"કોણ વેપારી."

"સમાજના ઠેકેદારો જે દુનિયાની હર એક ચીજ ફક્ત દોલતથી ખરીદવા માંગે છે. મારી કલાનું ખુન કરીને, મારી લાગણીઓને કચડીને તમારી જેમ જ ખરીદવા આવ્યા હતા. તે કહેવા લાગ્યા કે તું આ બધા ચિત્રો અમને આપી દે. અમે તમે મોં માંગી કિંમત આપીશું. અને આ તસ્વીર જેની છે તેને હંમેશ માટે ભુલી જા."

"તેનાથી શું ફરક પડશે?"

"બહુ ફરક પડે. તમે જો તમારા ફાયદા માટે સમાજના આ આત્માને હાનિ પહોંચાડી તો તમારી કલા પર પ્રશ્ન ચિહ્ન લાગી જશે. જે કલાને કારણે આજે સમાજમાં તમને અને પ્રસિધ્ધિ મળી છે કાલે એ જ કલા તમારી બદનામીનું કારણ બની જશે."

"હું" તારા કહેવો મતલબ ન સમજ્યો.

"મતલબ ચોખ્ખો. આ તસ્વીર અમને આપી દે અને તસ્વીરવાળીને ભૂલી જા. ચુપ થઇ જા તો ફાયદામાં રહીશ. કેમ કે, દરેક કલા ત્યાગ માંગે છે. ત્યાગ વિના કોઇ કલા જીવિત રહી શકતી નથી."

"દરેક વખતે કલાકાર પાસે જ ત્યાગ અને બલિદાન શા માટે માંગવામાં આવે છે. શું સમાજ કોઇ કલાકાર માટે ત્યાગ કે બલિદાન આપી ન શકે."

ત્યાગ અને બલિદાન માટે તો અમે લોકોએ આપ્યા છીએ. માંગ તારે શું જોઇએ સોનું, ચાંદી, હીરા કે ઝવેરાત અમે તને માલામાલ કરી દઇશું.

"પણ એ મારી કલાની કિંમત નહીં હોય."

"તો પછી બોલ તારી કલાની કિંમત શું છે?"

"તો એમ કરો મારી કલાનો અવાજ મને આપી દો અને આ બધી તસ્વીરો તમે લઇ જાવ."

મેં તમને પહેલાં જ કહ્યું કે તમે મારી કલાની કિંમત ચુકવી નહીં શકો.

એ સમાજના ઠેકેદાર હતા. હથિયારોથી સજ્જ થઇને આવ્યા હતા. આ સમાજ બીજાની વિરૂધ્ધ બોલી શકે છે. પણ પોતાની વિરૂધ્ધનો એકેય શબ્દ સાંભળી શકતો નથી. બધાએ મળી મારા ઉપર હુમકો કરી દીધો. મારી તસ્વીરો સળગાવી દીધી. મારા રંગો, પીંછીઓ અને કેનવાસ બધું નષ્ટ કરી નાંખ્યું. હું ભાનમાં આવ્યો ત્યારે મને ખબર પડી કે મારી કલાનો આત્મા કોઇ બીજાના શરીરમાં નાંખી દીધો છે. હું ત્યાંથી ચાલ્યો આવ્યો, તે શરીરથી દૂર, એ ગલીઓ, બગીચાઓ, સરોવરના કિનારા અને ઝરણાંઓથી મારો નાતો તોડીને અહીં આવી ગયો. મારો પ્રસિધ્ધિ ને ધૂળથી ઢાંકી દઇ અહીં અજાણ્યો થઇ જીવન જીવી રહ્યો છું. ત્યાં તમે આવીને મારા એ જખ્મોને ફરી ખુલ્લા કર્યા.

"શું કોઇ દુઃખ ભરી વાત તારા જીવન સાથે જોડાયેલી છે?"

"તમારા સમાજે કયાં કયારેય કોઇ કલાકારને સુખે જીવવા દીધો છે?"

"પણ તું કયારથી દુઃખી છો?" શું તારી એ આપવીતી મને સંભળાવીશ?

"તમને સંભળાવી તો ખરી, હવે એમાં બાકી શું રહ્યું છે. રંગોની સાથે સાથે મારા શબ્દો પણ મારાથી રીંસાઇ ગયા છે. હવે હું નથી તો તસ્વીર બનાવી શકતો કે નથી મારી કહાની કોઇને કહી શકતો."

પણ એ તો હળાહળ અન્યાય છે. તારા પોતાના પર, તારી કલા કારીગરી પર અને તારા વ્યક્તિત્વ પર અને એક એ સમાજ જે તારો કલા પર આફરીન છે.

પરંતુ મારે હવે એવી કોઇ ચીજો પ્રત્યે કંઇ સંબંધ નથી. હું ક્રય-વિક્રયની દુકાનોથી બહુ દૂર નીકળી ગયો છું. હવે હું અહીંથી પણ જઇ રહ્યો છું. આ શહેરમાંથી પણ...'

"તું જયા જઇશ ત્યાં તારી કલા તારો પીછો કરશે. તેં રંગોને છોડી દીધા તો શું થયું. રંગો તારો પીછો કયારેય નહીં છોડે. મારૂં દિલ કહે છે કે તું ફરી એકવાર રંગોની દુનિયામાં પાછો આવી જ જઇશ."

"તું ચૂપ કેમ થઇ ગયો છે?" શું મારી વાતનો જવાબ તારી પાસે છે.

"હું તો તે દિવસથી ચૂપ થઇ ગયો છું. જે દિવસથી મારી કલાનો આત્મા મારાથી છીનવાઇ ગયો છે. પરંતુ તમે મારા મૌનને તોડવા એ જ ચાવીનો ઉપયોગ કરી રહ્યો છો. જેનો ઉપયોગ સમાજના ઠેકેદારો એ મારાં મોં પણ તાળું લગાવવા કર્યો હતો. પણ તેમની સોનાની ચાવી નક્કામી નીવડી. તમને પણ તેમાં સફળતા નહીં મળે. મારી કલાનો ન તો એ લોકો ખરીદી શક્યા છે કે ન તમે ખરીદી શકો. હું જઇ રહ્યો છું. મારા ગયા પછી અને આ દુનિયા નાશ પામશે ત્યાં સુધી પૈસાથી કયારેય કોઇ પણ કલાકારને ખરીદવાની કોશિષ ન કરે. એટલું ઇચ્છું છુ."

# કિટલી અને કેન્ટીન... ચ્હાની ચૂસ્કી સાથે ગામ ગપાટાને ગમ્મત ગુલાલ...!!

## મુકેશ અંબાણીને બિઝનેસ, નરેન્દ્ર મોદીને રાજકારણ અને ઐશ્વર્યા રાયને કેટવોક શિખવનારાં એક્ષપર્ટ લોકો ગલ્લે મળશે!

### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

સચીન તેંડુલકરે કયારે રિટાયર થવું, મુકેશ અંબાણીએ કયો બિઝનેસ કરવો, ઐશ્વર્યાએ એની દિકરીનું નામ શું રાખવું. કરીનાએ હનીમૂનનો કેવો પ્લાન કરવો, કસાબની ફાંસી કે બાળ ઠાકરેની અંતિમયાત્રા, ભાજપનો ભગવો કે કોગ્રેંસનો પંજો, દિવાળી કે નવાં વર્ષની ચર્ચા, ઘરનો, મિત્રનો, દેશનો કે વિશ્વનો કોઈપણ પ્રશ્ન હોય પણ એના વિશે પોતાનો અભિપ્રાય, સલાહ, સુચન આપવાની ચર્ચાની મસ્ત વાતો સાંભળવાની શ્રેષ્ઠ જગ્યા એટલે ગલ્લો, કિટલી, કેન્ટીન કે પછી નુક્કડ...

હા... હા... હી... હી... એટલે કે ખડખડાટ થતી 'હ' ની બારાખડી સંભળાય એટલે સમજવું કે, નજીકમાં જ કિટલી કે કેન્ટીન છે. ગલ્લાની મસ્તી એટલે ફાલતુમાં ફાલતુ પી.જે. પર જોરજોરથી હસવાનું ભારેખમ વિષયને કોમેડી બનાવી મજા લેવાની... જિંદગીમાં મોટા ભાગનાને હસવાનું શિખવડનાર આવાં ટોળાટપ્પાનાં પોઈન્ટ જ હોય છે. પોળના નાકેનો ગલ્લો, સોસાયટીની શૉપિંગની કિટલી, કૉલેજ કે ઑફિસ કેન્ટીન કે પછી ગામનો ચોરો કે નુક્કડ આવી જગ્યા તો જોઈએ ને!!

આ બધી જગ્યાએ આપણે પરાણે વહાલી થાય એવી હોય છે. નાના હતાં ત્યારે રમવા જઈએ અને રમત પત્યા પછી સ્કૂલનાં મેદાનમાં કે સોસાયટીનાં નાકે એક નિશ્ચિત જગ્યાએ મિત્રો ભેગાં થાય અને પછી અલક મલકની વાતો શરૂ થાય... ઉંમર વધતાં રમત - ભણતર - નોકરીને લીધે જગ્યા બદલાઈ જાય પણ પેલી વાતોની રંગતની ટેવ તો બરકરાર જ રહે... કૉલેજની કેન્ટીનતો કદાચ જિંદગીની સુવર્ણ યાદોનો મોટો હિસ્સો બની જાય. એક નવી ઉંમર જ્યારે ચિંતા વગરની અલ્લડતાં અને ભવ્ય સ્વપ્ના જોવાની, પ્રેમમાં પડવાની, ડહાપણ શીખવાની પાર્ટ ટાઈમ કૉલેજ!!

રૂટીન લાઈફમાં પણ શૉપિંગ, સર્કલ, ગલ્લે, બાંકડે જવાનું આ ત્યાં બેસવાનું એને પરિવારના લોકો પણ સ્વિકારી લે છે. અમુક સમય બાદ અમુક વ્યક્તિને મળવાં એની બેઠક અથવા અડ્ડે જ જવું પડે!! એકવાર ઘરમાંથી વ્યક્તિ એની એ મનગમતી જગ્યાએ જાય એટલે ઘરનાંય એને ભૂલી જાય અને પેલોય ઘરને. એવી એ જગ્યાની રંગત હોય છે... રોજની વ્યક્તિઓ, વિષય અલગ મજાક, મસ્તી, ચર્ચા, ચડસા-ચડસી, ગુસ્સો બધું થાય અને પાછા બીજે દિવસે બધુ ખંખેરી પાછા હાજર જ હોય ગલ્લે!!

મિત્રો સાથે શું બોલવાનું, બહેનપણી જોડે કેમ રિસાવાનું, કયા કપડાં પહેરવાનાં, કયારે કલાસ બંધ



કરવાનો, કયું પિકચર જોવાનું, પેલો અથવા પેલીને ઈમ્પ્રેસ કરવા શું કરવું, એવાં તો કેટલાય વિચાર મગજમાં ફરતાં હોય અને એમાં કેન્ટીન કે ગલ્લે પહોંચે એટલે ઘરનાએ સોપેલાં બધાં કામો ભુલાઈ જાય કે કામ ઉધું મારીનેય આને. મમ્મીએ આપેલું લીસ્ટ ખોવાઈ જાય અને ઘરે પાછા ફરે એટલે મમ્મી-પપ્પાનો ફાયરીંગ રાઉન્ડ શરૂ થાય ત્યારે ભાન થાય કે સાલું આ જગ્યાએ જવાનાં વળગણમાં કામનું ઘણું ભૂલાઈ જાય છે!!

ઘરેથી ગલ્લે જવાં નીકળીએ એટલે મીસ કૉલ, મેસેજ, બુમો કે સિટી જેવા અને જેટલાં મિત્રો રેન્જમાં આવતાં હોય એ પ્રમાણે યાદ કરાવતાં- કરતાં પહોંચવાનું... અને ગલ્લે પહોંચીએ તો કોઈ જ નહીં અને તોય જગ્યા પકડીને બેસવાનું અને જેમ ટ્રેન સ્ટેશને. પહોંચે અને પેલા ફેરીયાઓ ટપકી પડે એમ જ બધાં ધીમે ધીમે ભેગાં થઈ જાય અને પછી મજ્જા જ મજ્જા, સાચું કહું ત્યાંનું વર્ણન કરવાં કરતાં તમે જે જે જગ્યાએ જતાં હોવ અને જે મજા કરતાં હોવ એની યાદ કરો એટલે બાપુ જલસા જ પડી જાય!!

રોજ ભેગાં થઈ આટલી શું વાતો કરતાં હશે? એવું ઘરનાની ટોક, ગલ્લે, કેન્ટીનમાં જઈને ભૂલાઈ જવાય. રેગ્યુલર હાય-હૅલ્લો કર્યા બાદ જે ચટર-પટર શરૂ થાય તે છેક બાય - જયશ્રી કૃષ્ણ સુધી ચાલતું જ રહી... કૉલેજ, કેન્ટીન પછીની નોકરી અને એમાંય માર્કેટીંગની એટલે એક નિશ્ચિત જગ્યાની કિટલીએ ટાયની ગાંઠ ઢીલી કરી સેલ્સમેન કે એકયુકેટીવનો ભેદભાવ દૂર રાખી ચ્હાની ચૂસ્કી સાથે દિવસના ધંધાની વાતો જામે... અરે, આમ જોવા જાવ તો કસ્ટમર એક્સચેન્જ થાય, અરે એક કામ કરને પેલાને સેમસંગની એલર્જી છે, પેનાસોનિક જ જોઈએ છે તું જજે એટલે તારો ઓર્ડર પાક્કો... બીજા પાછો એમ કહે અરે, એને તો ચાલુ કંપનીનાં ડુપ્લીકેટ માલમાં રસ છે તારૂં કામ થઈ જશે... કિટલીએ કેટલાંયનો વેપલો થઈ જાય...!!


કયારેક ઘ-૪નાં સર્કલે નજર મારજો અલગ અલગ ગ્રુપનો અડ્ડો જામેલો મળશે. જેવું ગ્રુપ એવી જ ચર્ચા... સ્પોર્ટસમેન, એમ.આર., ડૉક્ટર, બેકાર, કૉલેજીયન એમની જગ્યાએ ગોઠવાઈ એજ મસ્ત મજાની મહેફીલ માણતાં હોય... ઈન્ફોસિટીની આસપાસનું વાતાવરણ પાછું નોન ગુજરાતી કલ્ચરને કારણે વધુ મોર્ડન અને રંગીન દેખાય... ૧૭/૨૨ની ચાની કિટલીએ પત્રકારો ભેગા થાય અને સમાચારોનું આદાન-પ્રદાન થાય.. નેતાઓની પણ વિશિષ્ટ જગ્યા, કૉક પાર્લરે તો કોક વાળંદની દુકાને ઘણાં ગેરેજની જગ્યાએ ભેગાં થતાં હોય છે, તા શાકમાર્કેટ કે ઈંડાની લારી જેવી જગ્યા પણ ઘણાની બેઠક બનેલી છે!!

(અનુસંધાન પાના નં. ૬ પર)


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૮મી નવેમ્બર**



- 'હરિના લોચનીયાં' જેવું અમર પદ આપનારા કરસનદાસ માણેકનો જન્મદિન - ૨૮-૧૧-૧૯૦૧. ધર્મકથા, વાર્તા, કાવ્ય, બોધકથાઓ આપનારા કરસનદાસજી અગ્રગણ્ય કવિ છે. ગાયક અને વક્તા પણ હતા. વૈશંપાય ના ઉપનામથી કટાક્ષકાવ્યો તથા 'વ્યાસ' નામે ૧૮,૦૦૦ શ્લોકોનું મહાકાવ્ય રચ્યું.
- ૧૫૨૦ - દરિયામાં તોફાનો સહન કરી શકવાર મેગેલીન શાંત દરિયામાં આવ્યો. તેનું નામ 'પેસેફિક' મહાસાગર પાડ્યું. પ્રથમ પૃથ્વીની પ્રદક્ષિણા કરનારો સફરી.
- ૧૮૮૩ - વિશ્વમાં સૌ પ્રથમ અમેરિકામાં ટપાલ શરૂ થઇ.
- ૧૯૦૭ - નવસારી ખાતે (દરભંગા કાપડ મીલ) શરૂ કરનારા મહારાજ કામેશ્વરસિંગનો જન્મ.



- ૧૦૮૧ - પ્રતિભા સંપન્ન સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો જન્મ.
- ૧૯૩૧ - પોતાને ઇશ્વરદત્ત રાજા કહેનારા સાયા-સાનને ફાંસી.
- ૧૯૭૫ - વિધાપુરૂષ પ્રબોધ પંડિતનું અવસાન.

# કોઇની પણ સંપૂર્ણતા અનહદ આનંદ આપે છે, એક ગરિમા આપે છે, અને એ ભાવ આપણા હૃદય સુધી પહોંચી જાય છે, ભલે ને થોડા સમય માટેનું કેમ ન હોય!

## પારિજાત

- રેખા ભટ્ટ

એક આખી જિંદગીનો
છે એમાં અભાવ દોસ્ત,
આ ખાલી જામનુંય
વજન છે ઉઠાવ દોસ્ત
- મુકુલ ચોક્સી

ઘણાને આપણે બોલતા સાંભળીએ છીએ કે, "ઇશ્વરે બધું જ આપી દીધઉં છે. હવે કંઇ માગવાનું બાકી રહેતું નથી." કે "આપણો તો બસ જલ્સા છે... હવે કંઇ જોઇએ નહીં." કદાચ એમને જ ઘણું બધું જોઇતું હોય છે. કેમ કે સંતોષ બોલતો નથી, મૌન રહે છે, ચહેરા પર ઝળક્યા કરે છે.

અને અધૂરપ હંમેશાં છલકાતી રહે છે. એમાં ચંચળતા છે પણ સ્થિરતા નથી. અને તેથી એ અધૂરપ છે. આસપાસનાંને પણ આનંદમાં રહેવા દેતા નથી. એમનો અજંપો આપણને પણ જંપવા દેતો નથી.

કોઇની પણ સંપૂર્ણતા અનહદ આનંદ આપે છે. એક ગરિમા આપે છે. અને એ ભાવ આપણા હૃદય સુધી પહોંચી જાય છે. ભલે ને થોડા સમય માટેનું કેમ ન હોય! મનથી રાજી હોય તેમનું સાંનિધ્ય આપણને પણ ઠંડક પહોંચાડે છે. અને રાજીપો કે ખુશી માત્ર ધન ઐશ્વર્યથી નથી હોતી. એ તો મનની વિશાળતાથી કે ઉદારતાથી આવે છે, અને તેથી ઓછા કે વધારે વિષાદ એમને અસ્થિર કરી શકતો નથી. સાચી - ખોટી ઘટના એમને વિચલિત કરી મૂકતી નથી.

એક ગામમાં એક સાધુ રહે. આખા ગામને એમના માટે બહુ જ માન. એકવાર ગામની એક કુંવારી યુવતી મા બની. એટલે લોકોના રોષથી બચવા આ યુવતીએ પોતાના બાળકના પિતા તરીકે સાધુનું નામ આપ્યું. લોકોએ થૂં - થૂં કરી સાધુને હડધૂત કર્યા અને એમના પાપના પ્રાયશ્ચિત તરીકે બાળકનું મોટું કરવાની જવાબદારી સાધુને સોંપી દીધી. ત્યારે સાધુ એક જ વાક્ય બોલ્યા, "ઓહ, આવું થયું છે?" અને ચૂપચાપ બાળકને ઉછેરવા લાગ્યા.

સમય જતાં નિષ્પાપ સાધુ ઉપર આવું આળ મૂક્વા બદલ પેલી યુવતીને પસ્તાવો થયો એટલે એણે બધી સાચી વાત કબૂલી લીધી અને બાળકના સાચા પિતાનું નામ આપ્યું.

એટલે હવે ગામ લોકો શરમ અનુભવવા લાગ્યા. સાધુના પગમાં માથું મુકી માફી માગી એટલે બાળકને તેની માને પાછું સોંપતા સાધું બોલ્યા,

"ઓહ, આવું થયું છે?"

જેને કશી અપેક્ષા નથી અને જે મળ્યું તેમાં રાજી છે તેને ભરપૂર આનંદ છે. અને સામે પક્ષે, ઘણું બધું મેળવવા દિવસ-રાત અજંપો વેઠતા હોય તેમનો તલસાટ/રઘવાટ/ગુસ્સો/બબડાટ વાતે વાતે આપણને અનુભવાય છે. ઉપર ઉપરથી ઠાવકાઇ અને શાંતિ દેખાતી હોવા છતાં એમનાં અસંતોષથી અદૃશ્ય ધાર આપણને સતત વાગતી રહે છે.

કબીરે બહુ સરસ વાત કરી છે, કે આપણો આનંદ આપણાં મનમાં છે.

"મન મસ્ત હુઆ તબ
ક્યોં બોલે!
હીરા પાયો ગાંઠ
ગઢિયાયો
બારબાર વાકો કયાં
ખોલે!
તેરા સાહબ હૈ ઘટ
માંહી
બાહર નૈના ક્યોં
ખોલે!"